પ્રકરણ : ૨

# ❑ ગુજરાતનાં સાંધ્ય દૈનિકો : ઉદ્‌ભવ, વિકાસ સ્વરૂપ અને વૈશિષ્ટ્ય ❑

**પ**ત્રકારત્વ સમાજસેવા અને વિશ્વબંધુની સ્થાપનાનું સુદ્રઢ માધ્યમ છે. પત્રકારત્વની અપાર શકિત અને જવાબદારી છે. તે સમાજ જીવનનાં તમામ ક્ષેત્રો અને શિખરોને સ્પર્શ કરવાનો પ્રયત્ન કરે છે. તેનું લક્ષ્ય મહાન છે. જનતાની ભાષા જનતા સુધી પહોંચાડવાનો, જનતાને જાગૃત કરવાનો અને જનતાની લાગણીને વાચા આપવાનો પત્રકારત્વનો પવિત્ર પ્રયત્ન હોય છે. ૧૯મી સદી નવલકથાકારની સદી હતી તો ૨૦મી સદી પત્રકારત્વની સદી રહી છે. લોકશાહીમાં અખબારો વિનાં ચાલી શકે નહિં. માનવસમાજનાં સભ્યો જે કંઈ કરતા હોય, અનુભવતા હોય કે વિચારતા હોય તેની અભિવ્યકિત એ પત્રકારત્વનું મુખ્ય કાર્ય છે. પત્રકારત્વ મનુષ્યને પોતાની જાત અને વિશ્વને સાંભળવા માટે કાન આપે છે. અને લોકોને અવાજ આપે છે. જેનાથી પોતાનો અવાજ દુનિયાને સંભળાવી શકે છે. આપણાં દેશમાં પત્રકારત્વની ઉજજવળ પરંપરા રહી છે. પત્રકાર, શિક્ષણકાર અને કથાકારની ભૂમિકા લોકશિક્ષણ માટે લગભગ સરખી રહી છે. પત્રકારત્વ રાષ્ટ્રીય ચેતના અને સામાજીક પરિવર્તનનું બળવાન વાહક છે. દરરોજ સવાર પડે પત્રકારો દુનિયાભરનાં સમાચારો અને માહિતી વાચકોને પીરસે છે.[૮]

સામાન્ય રીતે ભારતમાં અને વિદેશોમાં સવારનાં અખબારોની જ બોલબાલા રહી છે. દરરોજ સવાર પડે લોકો અખબાર વાંચવા ટેવાયેલા હોય છે. સવારનું દૈનિક એ પ્રચલિત બાબત છે. એક સમય એવો હતો કે જયારે સાંજના દૈનિકની કલ્પના પણ ન થઈ શકતી. અખબાર તો સવારે જ હોય, સાંજે કંઈ હોય ? એવો પ્રશ્ન સહજ હતો. સવારનાં દૈનિકોની આદત વચ્ચે ગુજરાતમાં સાંધ્ય દૈનિકોનો એક નવો ચીલો પડયો છે. સવારનાં દૈનિકોએ પોતાનું પ્રભુત્વ જાળવી રાખયુ છે પરંતુ તેની સાથે સાંજના દૈનિકોએ જગ્યા કરી લીધી છે. સાંધ્ય દૈનિકો સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજકોટમાં વધુ લોકપ્રિય છે.

---

૮. ડૉ. મહેતા ચંદ્રકાન્ત : સિધ્ધાન્ત અને અધ્યયન : પૃષ્ઠ : ૫

હાલ ગુજરાતમાં ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ફુલછાબ જયહિન્દ, લોકસત્તા-જનસત્તા, ગુજરાત ટુ ડે, ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ધ ઈન્ડીયન એકસ્પ્રેસ, ધ ઈકોનોમીક ટાઈમ્સ, બીઝનેસ સ્ટાન્ડર્ડ, ફાયનાન્સીયલ એકસ્પ્રેસ, રાજસ્થાન પત્રિકા, યંગ લીડર વિગેરે સહિત ૧૫૦ જેટલા સવારનાં દૈનિકો પ્રસિધ્ધ થાય છે. જયારે સાંધ્ય દૈનિકોની સંખ્યા માંડ બે આંકડે પહોંચે છે. અમદાવાદમાંથી 'સમભાવ મેટ્રો', જામનગરમાંથી 'નોબત' અને 'ગુડ ઈવનીંગ',જુનાગઢમાંથી 'સૌરાષ્ટ્ર ભૂમિ' અને 'જૂનાગઢ ટુ ડે', સુરેન્દ્રનગરમાંથી 'જનયુગ' અને 'કદમ', રાજકોટમાંથી 'અકિલા', 'સાંજ સમાચાર', 'આજ તક', 'આજકાલ', 'અબતક' નામથી સાંધ્ય દૈનિક પ્રસિધ્ધ થાય છે. ભાવનગર અને જામનગરથી રાજકોટનાં 'આજકાલ' દૈનિકની આવૃત્તિ પણ પ્રસિધ્ધ થાય છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ૫ સાંધ્ય દૈનિકો રાજકોટમાંથી પ્રસિધ્ધ થાય છે.

## ૨:૧ સાંધ્ય સમાચારપત્રોની પૃષ્ઠભૂમિ

'ગુજરાતી પત્રકારિત્વનો ઈતિહાસ' પુસ્તકમાં ડૉ. રતન માર્શલ જણાવે છે કે ''ગુજરાતી વૃત્તવિવેચનના ઈતિહાસમાં આ નોંધનીય છે કે, કેટલાંક અગત્યના પત્રોએ રાજકારણમાં ઉદ્દામ વલણ અને સમાજસુધારામાં ઓછું વધતું સ્થિતિરક્ષણ વલણ અખત્યાર કર્યુ છે. ઊલટ પક્ષે કેટલાક ઉદ્દામ સુધારક અખબારો રાજકારણમાં વિનીત હતાં. રાજકારણમાં પ્રગતિવંત અને સમાજસુધારામાં સ્થિતિરક્ષક નીતિ અખત્યાર કરનારું એક આગેવાન ગુજરાતી અખબાર તે 'સાંજ વર્તમાન.'

અરદેશર બેરામજી પટેલે 'જામે જમશેદ'ની ત્રીસ વર્ષ સુધી સેવા કરી, તેની ખિલવણીમાં અગત્યનો હિસ્સો આપ્યો હતો. એ એકધારી સેવાને અંતે એમને મળતો મુસારો માસિક રૂપિયા દોઢસોનો હતો. તે દિવસોનો ને તે વેળા ચાલતા અર્થતંત્રનો વિચાર કરતાં એ પગાર સારો હતો, પરંતુ ખરી રીતે એ 'જામે'ના વસ્તુતઃ તંત્રી હતા ને તે જોતાં તેમને મળતો પુરસ્કાર ઘણો મોટો નહોતો.

૧૯૦૨માં ફિરોઝશા મર્ઝબાન એમ.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ 'જામે'ના કામમાં જોડાયા. 'જામે'ના માલિક જહાંગીર મર્ઝબાનના એ પુત્ર હતા. તે સમયે જૂજ પત્રકારોએ લીધી હોય એવી ઊંચી કેળવણી એમણે સંપાદન કરી હતી ને લેખનકલાનો વારસો એમને પિતા તરફથી મળ્યો હતો; એટલે જેહાંગીર મર્ઝબાને પોતાના એ પુત્રને પત્રનું સુકાન સોંપી દેવા નિરધાર કર્યો.

## ૨:૨ તા. ૦૧-૦૫-૧૯૦૨થી 'સાંજ વર્તમાન'નો ઉદય

'જામે'ના એક વેળાના ખરા ('ડી ફૅકટો') તંત્રી અરદેશર પટેલને હવે નવા જુવાન તંત્રીના હાથ નીચે કામ કરવાનો સમો આવ્યો. અરદેશર પત્રકાર તરીકેના પોતાના લાંબા અનુભવ પર મુસ્તાક હતા. ફિરોઝશા પોતાની કેળવણી માટે મુસ્તાક હતા. બન્નેના વિચારોમાં મતભેદ પડયો અને અરદેશર પટેલે 'જામે'થી છૂટા થઈ એક નવું પત્ર પ્રગટ કરવાનો વિચાર કર્યો. પોતાના છાપખાના સાથેનું પ્રથમ પંકિતનું દૈનિક શરૂ કરવા માટે પાંચ લાખ રૂપિયાની આજે આવશ્યકતા રહે છે. વીસમી સદીની શરૂઆતમાં એટલી નહોતી, પરંતુ અરદેશર પાસે તો કેવળ પાંચ હજાર રૂપિયા હતા, છતાં એમણે ભાગીદારી શોધી કહાડીને હિંમતથી ઝંપલાવ્યું. પરિણામે 'સાંજ વર્તમાન' છાપખાનું અને વૃત્તપત્ર તા. ૧-૫-૧૯૦૨ને દિને સ્થપાયાં.

તે વેળા ગુજરાતી ભાષામાં કોઈ પત્ર સાંજે પ્રકટ નહોતું થતું. અંગ્રેજીમાં પણ એક જ પત્ર 'ધ એડવોકેટ ઓફ ઈન્ડીઆ' પ્રગટ થતું હતું. બાકીનાં સઘળાં અંગ્રેજી અને ગુજરાતી અખબાર સવારે પ્રગટ થતાં. એટલે અરદેશરે દીર્ઘદ્રષ્ટિ દાખવી પોતાનું નવું પત્ર સાંજે બહાર પાડવાનો નિર્ણય કર્યો અને તેનું નામ 'સાંજ વર્તમાન' રાખ્યું. એમની સાથે ભાગીદાર તરીકે જોડાયેલા નશરવાનજી બમનજી જશાવાળાએ વીસ દિવસમાં જ પોતાનો ભાગ છૂટો કરી નાખતાં પહેલે જ માસે મોટી આફત આવી પડી. પરંતુ 'સાંજ વર્તમાન'ના સુભાગ્યે રુસ્તમ નશરવાનજી વાચ્છાગાંધી ૧લી જૂન, ૧૯૦૨થી અરદેશર પટેલ સાથે 'સાંજ'ની ભાગીદારીમાં સામેલ થયા.

## २:३ સસ્તા દરે સમાચાર અને જ્ઞાનનો ફેલાવો

કોટમાં આજના 'કિતાબમહાલ' સામે રૂ.૫૦ના ભાડાથી રાખેલી એક જૂની ઈમારતનાં ભોંયતળિયેથી 'સાંજ વર્તમાન'નો પ્રથમ અંક બહાર પડ્યો. એ વૃત્તપત્ર શરૂ કરવામાં અરદેશર પટેલનો મુખ્ય હેતુ પ્રજાને સસ્તા દરે સમાચાર આપવાનો અને જ્ઞાનનો ફેલાવો કરવાનો હતો. પોતાનું પત્ર સહેલાઈથી પ્રચાર પામે અને પ્રજાના બહોળા મોટા વર્ગમાં પહોંચી શકે તે માટે 'સાંજ વર્તમાન'ની કિંમત માત્ર રોજના બે પૈસા રાખી હતી; તેમાંથી અર્ધો પૈસો તો વેચનાર ફેરિયાને ફાળે જતો. માત્ર દોઢ પૈસામાં છાપું આપવાનું સાહસ અરદેશર પટેલે ઉઠાવ્યું. એમના એ સાહસની અને એમણે કરેલી ગણતરીની ત્યારે ઠેકડી થતી, પરંતુ પંદર વર્ષ સુધી 'સાંજ'ની એ જ કિંમત ચાલુ રહી અને ત્યાર પછી જ તેમાં વધારો થયો.

પત્ર શરૂ થયા પછી માત્ર ત્રણ માસમાં તા. ૧૬/૮/૧૯૦૨ને દિને અરદેશર અવસાન પામ્યા અને 'સાંજ વર્તમાન'ની સઘળી જુમ્મેદારી રુસ્તમ વાચ્છાગાંધીને માથે આવી પડી. ત્રણ દશકા સુધી એમણે એને ચલાવ્યું ને પ્રસિદ્ધિમાં આણ્યું. પ્રથમ સાત વર્ષ મોટી મુશ્કેલીમાં ગયાં. પત્રનું લવાજમ નામનું હતું; જાહેરખબરની આવક નહિ જેવી હતી, કારણ જાહેરખબરની કલા તથા જાહેરખબર કરવાની વૃત્તિ તે વેળા આજ જેટલી ખીલેલી નહોતી; પ્રજાને વાંચવાનો શોખ ઝાઝો ખીલેલો નહોતો; એટલે દર વર્ષે હજારો રૂપિયાની ખોટ વાચ્છાગાંધીને ભોગવવી પડતી.

પારસી કોમમાં તે સમયે 'જામે જમશેદે' જમાવેલો કાબૂ બીજા પત્રકારો માટે ઈર્ષાનું કારણ થઈ પડયો હતો. સુધારકોના માર્ગમાં તો તે કાંટાની વાડ સમો હતો. 'સાંજ વર્તમાન'ને પારસી સમાજમાં પ્રવેશસ્થાન જમાવવા માટે સ્વાભાવિક રીતે 'જામે' સાથે હરીફાઈમાં ઊતરવાનું હતું. પારસી કોમને લગતા પ્રશ્નોમાં તેણે 'જામે'ની જ નીતિ અખત્યાર કરી. તે જમાનામાં કોમમાં જૂના વિચારવાળાઓની જંગી બહુમતી હતી અને 'જામે' સાથે 'સાંજ' પણ જૂનવટની હિમાયત કરનારા પક્ષનું વકીલ બન્યું. 'જુદ્દીનો' – અન્યધર્મીઓને પારસી કોમમાં દાખલ

કરવાના પ્રશ્ન વેળા, પારસી પંચાયતના ટ્રસ્ટી મંડળનું બંધારણ ઘડવાની બાબતમાં, પારસીઓને મરણ પછી દુખ્મેનશીન કરવા કે તેમના શરીરોને અગ્નિદાહ દેવો કે દાટવાં એને લગતી તકરારમાં અને એવા બીજા પ્રશ્નો વેળા તે કોમના બહુમતી પક્ષમાં જ ખડું રહયું. બેલા મુકદમામાં[૧] 'જામે જમશેદ' સાથે તેને પણ રંગૂનની અદાલતને આંગણે જવું પડયું હતું.

## ૨:૪ 'સાંજ વર્તમાન'નાં ધીમા પણ મક્કમ પગલાં

'સાંજ વર્તમાન' ધીમે ધીમે આગેકદમ ભરતું હતું. તેની સાથે સરસાઈ કરવા પહેલા અખતરા તરીકે સાંજનું 'જામે જમશેદ' બહાર પાડવામાં આવ્યું, પરંતુ તે સફળ નીવડયું નહિં. ત્યાર પછી 'સમી સાંજ' નામનું પત્ર હસ્તીમાં આવ્યું. તેનો તંત્રી 'હિંદુ ગ્રેડયુએટ અધિપતિ' હતો, પરંતુ અધિપતિ તો 'જામે જમશેદ'ના તંત્રી ફિરોઝશા મર્ઝબાન જ હતા એમ સોરાબજી કાપડીઆ[૨] જણાવે છે અને પોતાના એ વિધાનનાં સમર્થનમાં 'સમી સાંજ'ના પહેલા અંકમાંના અગ્રલેખની ભાષા અને શૈલી ફિરોઝશા મર્ઝબાનની છે એમ પુરવાર કરવા મથે છે. તેઓ એ અગ્રલેખમાંથી નીચેનો ભાગ ટાંકી બતાવે છે;

'ના ભાઈ, આપણી સહનશકિત કાંઈ એટલી બધી પોચી નથી. મેં તો પહેલાંથી જ શરત કરી છે કે જે કોઈ મને વહેંત નમશે તેને હું ગજ નમીશે; અને જે કોઈ ત્રણપાંચની વ્યાધી પ્રદર્શિત કરશે તેને એવું ડાપું મારીશ કે તેના બાપ, પિતા કે મોટાદાદાએ એવા અણીયાલા દાંત જોયા ન હોય. મારા હાથ બાંધવા દઈને પાટલીમદાસ બહાદુર મલોને હાથે હું ધબ્બા ખાવા સરજાયો નથી. મારી પ્રકૃતિ ધબ્બાના મણકા લગાવવાની છે.

==========================================

૧. અન્યધર્મીઓને બિનપારસી મા કે બાપના ફરજંદને, જરથોસ્તી ધર્મમાં લેવાના પ્રશ્ને ૧૯૦૨માં પારસી સમાજમાં ચકચાર જગાડી હતી. ૧૯૧૪માં રંગૂનમાં બેલાકુટુંબમાં એવી 'નવજોત' થઈ. 'જામે જમશેદ' અને 'સાંજ વર્તમાને' એ નવજોત સામે જબ્બર વિરોધ કર્યો. એ બન્ને પત્રો સામે રંગૂનની અદાલતમાં બેલાએ ફરીઆદ નોંધાવી. 'બેલા કેસ'ને નામે એ મુકદમો જાણીતો થયો. આખરે તો એમાં માંડવાળ જ થઈ હતી.

૨. સોરાબજી પાલણજી કાપડીઆ ડિસેમ્બર, ૧૯૦૭માં 'સાંજ વર્તમાન'ના ઉપતંત્રી તરીકે જોડાયા. ચૌદ વર્ષે 'સાંજ'ની નોકરીમાં રહી તેઓ 'મુંબઈ સમાચાર'માં ગયા અને તેના તંત્રીસ્થાને આજપર્યંત ચાલુ છે.

'જેને લાગેવળગે છે તેઓ સાંભળો – (એટલે 'સાંજ વર્તમાન'ને કહે છે) હું પહેલાંથી ગાઈ વગાડીને કહું છું કે, હું નરો 'હાંડા માસ્તર' છું, અને લખાણબાજીની ચોપરદાસીમાં ભાભડભુંજાઓથી ખાંડયો જાઉં એવો નથી. જે મહાન ગુરુ લેખકનું મને શિક્ષણ મળ્યું છે તે જ મારા શિક્ષાગુરુ છે–અને ટકોરબાજી કે તોપબાજી, મુક્કાબાજી કે શાકીબાકીબાજીનાં રણક્ષેત્રમાં તમારો દાસ ગુરુજીના હાથ તળે કાંઈક કુસ્તીના દાવપેચ શીખ્યો છે. મર્યાદાભરી ચુપકીદી મને રૂચતી નથી – અને મેં જોયું છે કે તે નિષ્ફળ ગઈ છે. કોણીને બદલે ઠોંસો – એક અપમાનને બદલે ચાર ગાળો દઈને ઊભું રહેવું એ મારો ઠરાવ છે.'[૯]

આ અવતરણમાં 'સમી સાંજ'ના તંત્રી પત્રની નીતિ માટે જ વચન મગરૂરીથી ઉચ્ચારે છે તે શિષ્ટ પત્રકારિત્વને છાજે એવાં નથી. એક અપમાનના બદલામાં ચાર ગાળો દેનારું અખબાર પ્રજાની કશી સેવા ન કરી શકે. એવું પત્ર લાંબુ જીવન ન જીવે. છ માસ સુધી ખૂબ કૂદકાભૂસકા મારી તા. ૩૦–૧૦–૧૯૦૯ને દિને 'સમી સાંજ' બંધ થયું.

## ૨:૫ લોકપ્રિયતાનું બીજું કારણ : તાજા સમાચાર

પારસી કોમના જૂના વિચારના પક્ષને પંપાળવા ઉપરાંત બીજા પણ કારણ 'સાંજ વર્તમાન'ની લોકપ્રિયતા અને પ્રગતિ માટે હતાં. તેના સારા ફેલાવાનું મુખ્ય કારણ તેની અતિ સસ્તી કિંમત હતું. એની લોકપ્રિયતાનું બીજું કારણ તાજા સમાચાર આપવાની પહેલ હતું. 'સાંજ' શરૂ થયુ ત્યારે મુંબઈ બહારના ગમે તેવા મહત્વનાં સમાચાર તુરતાતુરત પ્રગટ થતા નહિ. વાચ્છાગાંધીએ તાર મારફતે હિંદુસ્તાનનાં જુદા જુદા ભાગમાંથી સમાચાર મેળવી તે તરત પ્રસિદ્ધ કરવાનું સાહસ કર્યું.

==========================================

૯. સાંજ વર્તમાન રજત મહોત્સવ અંક (૧૯૨૭), પૃ. ૭

'સાંજ વર્તમાન'ના પતેતી અંકો પણ પત્રની લોકપ્રિયતાનું એક અન્ય કારણ પણ છે. પારસીઓના નવા વર્ષ પ્રસંગે 'જામે જમશેદ' તરફથી સચિત્ર વધારો બહાર પડતો; પરંતુ તેમાં રોજિંદા અંક સિવાય બીજી વિશેષતા નહોતી. સને ૧૯૦૮થી 'સાંજ'ના પતેતી અંક બહાર પડતાં ગુજરાતી વૃત્તવિવેચનના ક્ષેત્રમાં ખાસ અંકોની એક નવી દિશા શરૂ થઈ એમ કહી શકાય, કારણ 'સાંજ'ના એ પતેતી અંકો, લેખો, ચિત્રો, ઉઠાવ વગેરે ઘણી બાબતમાં તે સમયે આપણે ત્યાં અજોડ હતા. પારસી નવા વર્ષના પર્વે એ અંક બહાર પડતો, છતાં તેમાં દરેક કોમના લેખકો જુદીજુદી વાનગી પીરસતા અને હિંદ બહારના લેખકોની કૃતિઓ પણ પ્રકટ થતી.

## ૨:૬ સદા પ્રજાનો પક્ષ ખેંચવા બદલ મબલખ પ્રતિષ્ઠા

પરંતુ 'સાંજ વર્તમાન'ની પ્રગતિ અને તેણે પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠાનું મોટુ કારણ તો તેની રાજકારણની નીતિ છે. 'સાંજ' સદા પ્રજાનો પક્ષ ખેંચતું આવ્યું છે અને હિંદની મુકિત માટેની ચળવળોને ટકો આપતું રહયું હતું. પારસી કોમને લગતા પ્રશ્નોમાં જૂનવટની હિમાયત કરવા છતાં રાજદ્વારી ક્ષેત્રમાં આગળ ધપવાની નીતિની તે હિમાયત કરતું રહયું છે અને હિંદી રાષ્ટ્રીય મહાસભાનાં ફરમાનોને માથે ચઢાવવાને પ્રજાને હાકલ કરતું રહયું છે. જૂનવટની હિમાયતે તેને પારસીઓમાં પગપેસારો કરવામાં મદદ કરી અને તેની સ્વતંત્ર રાજદ્વારી વલણે હિંદુઓમાં તેને ઠીક પ્રિય બનાવ્યું. 'સાંજ'ના આર્થિક અને રાજકીય વિષયો પરના અંગ્રેજી લેખોએ એક વેળા સામાન્ય પ્રજાનું જ નહિ, પરંતુ ફિરોઝશા મહેતા અને દીનશા વાચ્છા જેવા રાજદ્વારીઓનું પણ લક્ષ ખેંચેલું. એ લેખો રુસ્તમજી હીરજીભાઈ અપ્પુ લખતા. આર્થિક અને રાજકીય ઉપરાંત દેશના સામાજિક સવાલોની ચર્ચા તેઓએ વખતોવખત 'સાંજ વર્તમાન'માં જગાડી પ્રજાનાં દિલ જીત્યાં હતાં.[૧૦]

૧૯૨૬માં મળેલી આંતરરાષ્ટ્રીય પત્રકાર પરિષદમાં 'સાંજ'ના તંત્રી રુસ્તમ વાચ્છાગાંધીને હિંદી પત્રકારોના પ્રતિનિધિ તરીકે હાજરી આપવાનું માન મળ્યું હતું. હિંદના ભાઈબંધ પત્રકારો પર એમણે કેવી સારી છાપ પાડી હશે અને એમનામાં કેટલો વિશ્વાસ હશે તે તેમની આ પસંદગી પરથી સમજાય છે. સરકાર તરફથી એમને 'પબ્લિસીટી બોર્ડ'ના એક સભ્ય પણ નીમવામાં આવ્યા હતા. વર્ષો સુધી 'સાંજ વર્તમાન'નું સુકાન સારી રીતે સંભાળી, તેને મક્કમ પાયા પર મૂકી તેઓ ૧૯૩૦માં સ્વર્ગવાસી થયા. તેમના પુત્ર જેહાંગીર 'સાંજ'ના તંત્રી થયા. દશ વર્ષ એ સ્થાન જાળવી તેઓ ૧૯૪૦માં અવસાન પામતાં ફરેદુન રુસ્તમજી મહેતા એના તંત્રી બન્યા.

==========================================

૧૦. સાંજ વર્તમાન, તા. ૧૫-૭-૧૯૪૨

'સાંજ વર્તમાને' પારસી અને બીજા પ્રશ્નો પરત્વે તેના ઊગમ વેળા અખત્યાર કરેલી અને ઉપર વર્ણવેલી વલણ આજપર્યંત ચાલુ રાખી છે. ધીમે ધીમે એ પત્ર બીજાં પત્રોની સરખામણીમાં ઊતરતું થયું, પરંતુ ૧૯૪૪થી એમાં કેટલાક આવકારલાયક સુધારા મોટા ખર્ચે થયા છે ને હાલમાં તે ફરી બીજાં આગેવાન અખબારોની હરોળમાં આવવાને સફળ પ્રયાસ કરી રહયું છે.

## ૨ઃ૭ 'સાંજ'ના સંચાલકો દ્વારા 'મુંબઈ વર્તમાન' દૈનિક

'સાંજ'ના સંચાલકોએ તા. ૧–૯–૧૯૪૨થી સવારે પ્રગટ થતું 'મુંબઈ વર્તમાન' નામનું નવું દૈનિક શરૂ કર્યું. એ નવા પત્રની નીતિ પણ 'સાંજ વર્તમાન' જેવી હતી. એમાં પારસી સમાજને ઉપયોગી એવા સમાચાર–માહિતી આપવાને ખાસ કાળજી લેવાતી. તે પરથી એમ લાગતું કે એના સંચાલકોએ 'મુંબઈ વર્તમાન'ને પારસી કોમ માટેનું પત્ર રાખી, 'સાંજ વર્તમાન'ને સમગ્ર ગુજરાતી જનતા માટેનું અખબાર બનાવવાનો નિરધાર કર્યો છે, પરંતુ ૧૯૪૭માં તેમણે એ નવું પત્ર 'રાસ્ત રાહબર'ના અધિપતિ હોરમઝદિયાર સોરાબજી માદનને વેચી નાખ્યું અને ત્યારથી 'મુંબઈ વર્તમાન' રાજકીય, સામાજિક અને ધાર્મિક એમ સઘળી જ દિશા માં પારસીઓ સમાજને પ્રગતિશીલ બનવાની હિમાયત કરતું બન્યું છે.[૧૧]"

## ★ 'સાંધ્ય સમાચારપત્રો'નો ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ ::–

૧૮૨૨માં 'મુંબઈ સમાચાર'થી આરંભાયેલા ગુજરાતી પત્રકારત્વ નો ઉદ્ભવ અને વિકાસ બહુ જુનો નથી. સાંધ્ય દૈનિકોમાં પાયોનિયર ગણાતા રાજકોટનાં 'અકિલા' દૈનિકનો પ્રારંભ ૧૫ ઓગષ્ટ ૧૯૭૮ નાં રોજ થયો હતો. તે વખતે વાચકો અને સંચાલકો માટે સાવ નવો જ પ્રયોગ હતો. કાયમ સવારનાં જ અખબારો વાંચવા ટેવાયેલાં લોકોને સાંજનું અખબાર

==========================================

૧૧. ૧૯૪૭માં 'રાસ્ત રાહબર' સાપ્તાહિક 'મુંબઈ વર્તમાન' સાથે જોડાઈ ગયું.

અનુકૂળ આવશે કે નહિં, તે મોટો પ્રશ્ન હતો. 'અકિલા' એ તે વખતે 'સવારે ચા અને સાંજે અકિલા' તેવું સૂત્ર આપ્યુ હતું. રાજકોટમાં લોકોને બપોર વચ્ચે બે થી ત્રણ કલાક સુઈ જવાની ટેવ છે. સવારે ઉઠયા પછી ચાની જરૂર પડે તેમ બપોર પછી ઉઠયા પછી ફરી ચાની જરૂર પડે, પરંતુ ચાનાં વિકલ્પે 'અકિલા' અખબાર આપવાનોં સંચાલકોનો પ્રયત્ન હતો તેથી તેને અનુલક્ષીને આ સૂત્ર આપવામાં આવ્યુ છે. અમદાવાદ, જામનગર, જૂનાગઢ વગેરે શહેરોમાં સાંધ્ય દૈનિકો પ્રસિધ્ધ થાય છે પરંતુ તે એક શહેર અથવા જિલ્લા પૂરતા મર્યાદિત રહયા છે. જયારે રાજકોટનાં સાંધ્ય અખબારોએ પ્રાદેશિક અખબાર તરીકે કાઠુ કાઢયુ છે.

સાંધ્ય દૈનિકોમાં મોટેભાગે સવારનાં દૈનિકોના ઉતારારૂપ સમાચારો હશે, તેવી પ્રારંભમાં વાચકોની એક ધારણા હતી, પરંતુ સાંધ્ય અખબારો જેમ આગળ વધતાં ગયાં તેમ આ ધારણા ખોટી પડતી રહી. સાંધ્ય અખબારો તાજા સમાચાર આપવા માટે તેમજ સવારનાં દૈનિકોએ પ્રસિધ્ધ કરેલ સમાચારોનાં ફોલોઅપ સમાચાર આપવા માટે જાણીતા બન્યાં. દા.ત. સવારનાં અખબારોએ કોઈ સ્થળે ચોરી થયાના સમાચાર પ્રસિધ્ધ કર્યા હોય તો સાંજના અખબારો તેની વધારાની ઉંડાણની વિગતો અને પોલીસ તપાસની પ્રગતિનો અહેવાલ આપવા પ્રયત્ન કરે છે. સાંજનાં તમામ અખબારો માલિકીનાં ધોરણનાં હોવાથી અખબારી આચાર સંહિતામાં ઘણીવાર બાંધછોડ કરીને પણ લોક જિજ્ઞાસાને સંતોષવાનો પ્રયત્ન કરતાં જોવા મળે છે. સાંધ્ય દૈનિકો સ્થાનિક સમાચારોને વિશેષ મહત્વ આપે છે. સ્થાનિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આ અખબારો સમાજલક્ષી મહત્વની સેવા કરે છે. અત્યારે વાચકોનાં દિલદિમાગમાં સાંધ્ય અખબારો એવાં વણાઈ ગયા છે કે સાંધ્ય અખબારો વાંચ્યા પછી બીજા દિવસે સવારનાં અખબારો વાંચે ત્યારે તેને મોટાભાગનાં સમાચારો જૂનાં હોય તેવું લાગે છે. સાંધ્ય અખબારો ૧૨ થી ૧૮ પાનાં આપે છે. હવે લગભગ તમામ સાંધ્ય દૈનિકો તંત્રીલેખ આપતા થઈ ગયાં છે. સાંધ્ય દૈનિકોમાં સમાચાર મળ્યા પછી પ્રસિધ્ધ કરવામાં બહુ ઓછો સમયગાળો રહેતો હોવાથી કયારેક સમાચારમાં ઉતાવળ અથવા અધૂરપ લાગે છે. સવારનાં અખબારોની જેમ સાંજના અખબારોમાં પણ તીવ્ર સ્પર્ધા છે.

## ૨:૮ 'સાંધ્ય અખબારો'ની સામગ્રીનું સ્વરૂપ

સાંધ્ય અખબારોમાં મુખ્યત્વે નીચે મુજબ વાંચન સામગ્રી જોવા મળે છે.

/૧/ અખબારી પ્રતિનિધિઓ તરફથી મળેલ સમાચાર

/૨/ સમાચાર સંસ્થાઓ તરફથી મળેલ સમાચાર

/૩/ ફોન, તાર, ટપાલ દ્વારા પ્રાપ્ત થતા સમાચાર

/૪/ રાજય સરકાર / કેન્દ્ર સરકારના માહિતી ખાતા દ્વારા મળેલ સમાચાર

/૫/ વાચકોનાં મંતવ્યો, ફરિયાદ આધારિત લોકચર્ચા

/૬/ પરિચિત અને અપરિચિત શુભેચ્છકો તરફથી મળેલા સમાચાર

/૭/ નગર નોંધ, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક સમાચારો, અવસાન અને શ્રધ્ધાંજલિઓ

/૮/ વિવિધ પ્રસંગોની તસ્વીરો

/૯/ પ્રાસંગિક લેખ

/૧૦/ ટીવી ચેનલો દ્વારા પ્રસારિત સમાચારોનો સાર સંક્ષેપ

સાંધ્ય અખબારોની તાસીર સવારનાં અખબારોનાં પ્રમાણમાં અલગ હોવાથી નિયમિત વિભાગો કે લેખો બહુ ઓછા જોવા મળે છે. આ અખબારો સમાચારો પર જ વિશેષ ભાર મૂકે છે. સાંધ્ય અખબારોમાં પણ કોમ્પ્યુટર અને મશીનરીની અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહયો છે. રાજકોટનાં સાંધ્ય દૈનિકો બે આવૃત્તિ પ્રસિધ્ધ કરે છે, જેમાં એક સૌરાષ્ટ્ર વિભાગની અને બીજી રાજકોટ શહેરની આવૃત્તિનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રની આવૃત્તિની પ્રવૃતિ અને માહિતી સ્વરૂપનાં સમાચારોને શહેરની આવૃત્તિમાંથી બાકાત રાખવામાં આવે છે અથવા સંક્ષિપ્ત કરી નાખવામાં આવે છે તેને બદલે શહેરના સમાચારોને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. બહારગામની આવૃત્તિ પ્રસિધ્ધ થઈ ગયા પછી બનેલી ઘટનાઓને શહેરની આવૃત્તિમાં સમાચાર તરીકે સ્થાન આપી શકાય છે.

## ૨:૯ ૧૧૦ વર્ષ પહેલા 'સાંજ વરતમાન' :

૧ મે, ૧૯૦૨ના રોજ અરદેસર પટેલે એક ભાગીદારની મદદથી 'સાંજ વરતમાન' નામનાં પત્ર અને છાપખાનાનો પ્રારંભ કર્યો. 'સાંજ વરતમાન' સાંજે પ્રકાશિત થતું હતું. તાજા સમાચાર આપવામાં આ પત્ર અગ્રેસર હતું. પત્રની કિંમત ૨ પૈસા હતી. આ પત્ર મુંબઈનાં પોર્ટ વિસ્તારમાંથી પ્રકાશિત થતું હતું. સ્વાતંત્ર ચળવળને આ પત્રએ ટેકો આપ્યો હતો. તા. ૧ સપ્ટેમ્બર, ૧૯૪૨થી 'સાંજ વરતમાન'ના સંચાલકોએ 'મુંબઈ વરતમાન' નામનું દરરોજ સવારે પ્રગટ થતું દૈનિક શરૂ કર્યુ હતું.

ભૂતકાળમાં ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદથી સાંધ્ય અખબાર કાઢવાનો પ્રયોગ થયો હતો. પરંતુ તે સફળ થયેલ નહિ. મુંબઈથી 'મીડ ડે' અને 'આફટર નૂન' જેવાં બપોરનાં અખબારો પ્રસિધ્ધ થતાં અને બહોળો ફેલાવો ધરાવતાં હતાં, જેમાંથી પ્રેરણા લઈ રાજકોટમાં સૌ પ્રથમ ૧૫ ઓગષ્ટ ૧૯૭૮ ના દિને 'અકિલા' નો ઉદય થયો. ત્યારબાદ ૧૯૮૬માં 'જયહિન્દ' ગૃપ દ્વારા 'સાંજ સમાચાર'નું પ્રકાશન શરૂ થયું હતું. જોગાનુજોગ

રાજકોટનાં પ્રથમ બન્ને સાંધ્ય અખબારોનો પ્રારંભ ૧૫ ઓગષ્ટથી થયો છે. સાંધ્ય અખબારોમાં સ્થાનિક સમાચાર ઉપરાંત મનોરંજન, રમતગમત, ફિલ્મ, સ્થાનિક સરકારી કચેરીઓની પ્રવૃત્તિઓ, ક્રાઈમના સમાચાર, સેવાકીય અને ધાર્મિક સમાચાર વગેરેને સવારનાં અખબારોની સરખામણીમાં વધુ જગ્યા મળતી હોવાથી સાંધ્ય અખબારો લોકપ્રિયતા સાથે લોકોની જરૂરીઆત બની ગયા છે. રાજકોટની મેડિકલ કોલેજનો પ્રશ્ન હોય કે બ્રોડગેજ લાઈનનો અથવા 'ગ્રીન રાજકોટ કલીન રાજકોટ'નું અભિયાન સફળ બનાવવાનું હોય તેમાં લોકમત જાગૃત કરી પ્રબળ બનાવવામાં સાંધ્ય અખબારોનો ફાળો મહત્વનો રહયો છે. સાંધ્ય અખબારો ચાર વાગ્યા આસપાસથી લોકો સુધી પહોંચવા લાગે છે. અસંખ્ય લોકો હવે કાગડોળે સાંજનાં અખબારોની રાહ જોતાં હોય છે. સાંજના અખબારોએ જનમાનસમાં આગવી છાપ ઉભી કરી છે.

## ★ ઈન્ટરનેટ આવૃત્તિ :

અમદાવાદનાં 'સમભાવ મેટ્રો' અને રાજકોટનાં 'અકિલા', 'સાંજ સમાચાર' તથા 'આજકાલ' દૈનિકને પોતાની વેબસાઈટ આવૃત્તિ પણ છે, જેનું વેબ એડ્રેસ અત્રે પ્રસ્તુત છે :

| | | |
|---|---|---|
| 'સમભાવ મેટ્રો' | : | www.sambhav.com |
| 'અકિલા' | : | http://www.akilanews.com |
| | | http://www.akilaindia.com |
| 'સાંજ સમાચાર' | : | www.sanjsamachar.co.in |
| 'આજકાલ' | : | www.aajkaaldaily.com |
| 'નોબત' | : | www.nobat.com |

## ★ ગુજરાતી પત્રકારત્વમાં સાંધ્યદૈનિકોની ભૂમિકા ::–

પત્રકારત્વ સમાજના દર્પણ સમાન છે. મુખાકૃતિ અને શરીર જેવાં હોય તેવું જ કાચમાં પ્રતિબિમ્બ પડે છે. તેના ગુણધર્મોનું આલેખન થાય છે. આવું જ કામ પત્રકાર અને પત્રકારત્વનું છે. સમાજના ઉત્થાન માટે પત્રકારો મહિમાવંતુ યોગદાન આપી શકે છે. લોકમતના ઘડતર દ્વારા સમાજને યોગ્ય દિશાદોર આપવામાં પત્રકારત્વ નિર્ણાયક ફાળો આપતું રહયું છે. ગુજરાતનાં સાંધ્યદૈનિકો પણ આવી જ ભૂમિકા અદા કરી રહયાં છે.

નરસિંહ મહેતા હોય કે કબીર, મીરાં હોય કે અખો, તેમનું એકાદ વાકય સૈકાઓ પછી પણ કેમ અસરકારક લાગે છે ? અને એવા લોકોની એ જમાનાએ કદર પણ કેવી કરી ? અર્નેસ્ટ હેમિંગ્વે વિશે એમ કહેવાય છે કે તે અનુભવ્યા સિવાય લખતા નહીં. યુધ્ધ હોય કે સિંહનો શિકાર, સમુદ્રની મુસાફરી હોય કે જંગલનુ વર્ણન, ઘણો બધો સમય એ અનુભવને આત્મસાત કર્યા પછી તેનું વર્ણન કે નિરૂપણ કરતા. આજે ઘણાં અખબારો દ્વારા આપણી સામે રોજબરોજ જાહેરાતો, મૈયતના સમાચાર, જુગુપ્સા પ્રેરે તેવી વાતો, બીભત્સ રસને ઉશ્કેરે તેવી રજૂઆતો વગેરે શિષ્ટતાની સદંતર ઉપેક્ષા કરીને પીરસાય છે. સ્ત્રી સૌજન્ય વિશેનું આપણું સામાજિક માનસ શું છે તે શરમ આવે તેવી રીતે રજૂ થતું આપણે જોઈ રહીએ છીએ અને આપણામાં રહેલો જાગૃત નાગરિક એક હરફ પણ વિરોધનો ઉચ્ચારતો નથી. આપણે સંસ્કાર અને સંસ્કૃતિની વાત કરતાં થાકતાં નથી એવી ફરિયાદ ચોમેર સાંભળવા મળે છે. સાંધ્ય દૈનિકોનું વલણ આ બાબત કેવું છે તેની ચર્ચા આગળનાં પ્રકરણોમાં યથાવશ્યકતા કરીશું.

# ❑ સાંધ્ય સમાચારપત્રોની વિશેષતાઓ

૩.

**★ સમાચારો પ્રસિધ્ધ કરવાની તીવ્ર ઝડપ :**

સવારનાં અખબારોની સરખામણીમાં સાંજના અખબારો સમાચારો વિશેષ ઝડપથી પ્રસિધ્ધ કરી શકે છે. કોઈપણ ઘટના બન્યાની ગણતરીની કલાકો કે મિનિટોમાં સમાચાર પ્રસિધ્ધ કરવાનાં હોય છતાં સાંધ્ય અખબારો પહોંચી વળે છે. અમુક વખતે કોઈ સમારંભનો પ્રારંભ થાય ત્યારે તેના ઉદ્‌ઘાટનના તસ્વીર સાથેનાં સમાચાર હજુ સમારંભ ચાલુ જ હોય ત્યાં સુધીમાં પ્રસિધ્ધ કરી મંચ પર બેઠેલા મહાનુભાવોના હાથ સુધી પહોંચી ગયાનાં દાખલા છે. ઘણીવાર સાંજનાં અખબારોમાં પ્રસિધ્ધ થયેલા સમાચારો બીજા દિવસે સવારનાં અખબારમાં વાંચતા વાચકોને વાસી લાગે છે. સુતેલી જનતાને જગાડવાનું તથા જાગૃત જનતાને કટિબધ્ધ કરવાનું કામ અને કટિબધ્ધ થયેલી જનતાને કાર્યરત કરી નવનિર્માણ તરફ મોકલવાનું કામ સાંધ્ય અખબારો કરી રહયાં છે. જેની સમાચારની ઝડપ સરાહનીય છે ઉપરાંત ઉભરતી મહાશકિત તરીકે અવગણવાનું કોઈ સરકાર કે પ્રજાને પાલવે તેમ નથી.

**૩:૧**

**★ સ્થાનિક સમાચારોને પૂરતું સ્થાન :**

સમગ્ર દેશમાં કે રાજયમાં ફેલાવો ધરાવતાં અખબારોની સરખામણીએ પ્રાદેશિક સ્તરનાં કે જિલ્લા સ્તરનું સ્થાન ધરાવતા સાંધ્ય દૈનિકોમાં સ્થાનિક સમાચારોને પૂરતુ સ્થાન મળી શકે છે. સ્થાનિક કક્ષાએ બનેલી કોઈ ઘટના કે પ્રસંગને સવારનાં અખબાર કરતા સાંજના અખબારો વધુ સારી રીતે સ્થાન આપી શકે છે. સવારનાં અખબારોમાં જગ્યાની ઘણી મર્યાદા હોવાથી ઘણી વખત મહત્વનાં સમાચારો સંક્ષિપ્ત થઈ જતા હોય છે. જયારે સાંધ્ય અખબારોનું લક્ષ્ય મોટાભાગે સ્થાનિક સમાચારો તરફ હોવાથી વાચકોને પોતીકો ભાવ થાય છે. દાખલા તરીકે 'અકિલા' સાંધ્ય અખબારે પ્રણાલિકા રાખી છે કે રચનાત્મક પ્રવૃત્તિની કોઈપણ પ્રેસનોટમાં

જેટલા લોકોનાં નામ લખેલા હોય તે બધાનાં પ્રસિધ્ધ કરવા. પ્રવૃત્તિ સાથે જોડાયેલા તમામ કાર્યકરોને પ્રસિધ્ધીની તક મળે છે. જયારે અખબારનાં ચાહકવર્ગનો ફેલાવો વધે છે. સ્થાનિક સમાચારોની તસ્વીરો પણ પૂરતા પ્રમાણમાં જોવા મળે છે. નજીકના સ્થળે અખબારનાં ફોટોગ્રાફર જ પહોંચી જાય છે. દૂરનાં સ્થળેથી ફોટો મંગાવવા માટે હવે ઈ–મેઈલની ત્વરિત અને સરળ સુવિધા થઈ ગઈ છે.

## ૩ઃ૨ લોકમતનું ઘડતર :

ટી.વી. ચેનલો અને મોટાગજાનાં અખબારો જેમ લોકમતનું ઘડતર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે તેમ સ્થાનિક કક્ષાનાં ગણાતાં સાંધ્ય દૈનિકો પણ લોકમતને યોગ્ય દિશાદોર આપી પ્રબળ બનાવવામાં અગત્યનો ભાગ ભજવી શકે છે. લોકશાહી અને જનતાની જાળવણીમાં આ અખબારો સતત જાગૃત રહી યોગદાન આપી રહયાં છે. વિકાસ માટેનાં કોઈપણ અભિયાન કે સમસ્યાના નિવારણ માટેનાં આંદોલનોમાં સાંધ્ય અખબારો આગળ પડતું સ્થાન ધરાવે છે. સાંધ્ય અખબારો છેવાડાનાં વિસ્તારોનાં લોકમાનસને અને તેમનાં પ્રશ્નોને વધુ સારી રીતે સમજી શકે છે તેથી આ અખબારો શિક્ષણ અને લોકજાગૃતિનું અસરકારક માધ્યમ બની રહયાં છે. સાંધ્ય દૈનિકોએ મોટા અખબારોથી દૂર રહેલી પ્રજાને પોતાની તરફ વાળી છે. જે તે પ્રાંત અને જિલ્લાના રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, કૃષિ વગેરેના પ્રશ્નોને પૂરતું મહત્વ મળી રહયું છે. લોકહિતની દ્રષ્ટિએ સાંધ્ય અખબારો લોકમાનસને નવો વળાંક આપી શકે છે. લોકહિત માટે કાર્ય કરતા લોકોને સાંધ્ય અખબારો દ્વારા પ્રોત્સાહક પ્રસિધ્ધિ મળે છે. દાખલા તરીકે અમદાવાદના કોઈ અધિકારી કે પ્રજાનો પ્રતિનિધિનો સવારના અખબારમાં ભાગ્યે જ ફોટો જોવા મળતો હોય છે. એ જ વ્યકિતને સાંધ્ય અખબારોમાં અવારનવાર ફોટા સાથે ભરપૂર પ્રસિધ્ધિ મળતી હોય છે. સવારનાં અને સાંજનાં અખબારોનાં વલણ અને તાસીર અલગ હોવાથી વાચક વર્ગને બન્ને વચ્ચે ઘણી ભિન્નતા જોવા મળે છે.

## ૩:૩ સૌને પરવડતા દરની જાહેરખબર :

સવારનાં દૈનિકોની સરખામણીએ સાંજના દૈનિકોને જાહેરખબર મેળવવામાં મર્યાદિત તક રહે છે છતાં સાંધ્ય અખબારો જાહેરાત માટેનું સબળ માધ્યમ ગણાય છે. સવારનાં અખબારોમાં જાહેરખબરોનાં ભાવ વધુ હોવાથી બધા લોકોને તે પોસાતા નથી, જયારે સાંધ્ય અખબારોમાં ઘણા વ્યાજબી ભાવે જાહેરાત પ્રસિધ્ધ કરાવી શકાય છે. કોઈપણ અખબારનાં સંચાલન માટે જાહેરાત આર્થિક કરોડરજ્જુ ગણાય છે. સાંધ્ય અખબારોમાં ઓછા ખર્ચે લોકો પોતાની જરૂરીઆત મુજબની જાહેરાત પ્રસિધ્ધ કરાવી શકે છે. 'અકિલા' દૈનિકમાં દર શનિવારે માત્ર પાંચ રૂપિયામાં એક લાઈનનાં ભાવથી ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ થાય છે જેને ખૂબ સારો પ્રતિસાદ મળી રહયો છે જે તેની લોકપ્રિયતા સાબિત કરે છે. દર શનિવારે 'અકિલા'માં પ્રસિધ્ધ થતી એક હજારથી વધુ ટચૂકડી જાહેરાત સમગ્ર ગુજરાતનાં તમામ દૈનિકોમાં સૌથી વધુ ગણાય છે. જાહેરાત આપનારને ગ્રાહક વર્ગ મળી રહે છે, જયારે ગ્રાહકોને પોતાની પસંદગીનું સ્થળ ક્ષેત્ર, વ્યકિત કે વસ્તુ મળી શકે છે. કયારેક કયાંક જાહેરાતોના કારણે મહત્વનાં પાનાં ઉપર સમાચારોનો ભોગ લેવાતો જોવા મળે છે છતાં જાહેરખબરોનાં મહત્વને અવગણી શકાય તેમ નથી. જાહેરખબરો દ્વારા સાંધ્ય દૈનિકો ઉડીને આંખે વળગે તેવી ભૂમિકા ભજવી રહયાં છે.

## ૩:૪ નવા નેતૃત્વને પ્રોત્સાહન :

સાંધ્ય અખબારો નવી શકિતનો ઉદય કરવા માટે અગ્રિમ ભૂમિકા ભજવી રહયાં છે. અનેક લોકો સાંધ્ય અખબારોનાં સહકારને કારણે નેતા તરીકે સમાજમાં ઉપસ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓને મળેલી પ્રસિધ્ધિએ તેમના જીવનની દિશા બદલી નાખી છે. અખબારો ધારે તો 'ઝીરોને હીરો અને હીરોને ઝીરો' કરી શકે છે. એક સમયે જેની કોઈ ગણના ન હોય તેવા લોકોમાં આશા દેખાતાં અખબારો તેને પ્રોત્સાહન આપી પ્રતિભા તરીકે ઉપસાવે છે. કેટલાય કાર્યક્ષમ અધિકારીઓને સાંધ્ય અખબારોએ તેમની કાર્યક્ષમતાની કદર કરી મોટપ આપી છે.

રાજકોટમાં એક સમયે મ્યુનિસિપલ કમિશ્નર તરીકે ફરજ બજાવતા શ્રી એસ.જગદીશનને સાંધ્ય અખબારોએ એટલી પ્રસિધ્ધિ આપેલ કે તેમની બદલી થઈ તે વખતે બદલીનાં વિરોધમાં શહેરમાં સ્વયંભૂ તોફાન ફાટી નિકળ્યાં હતાં. આમ સાંધ્ય અખબારો નવી વ્યકિતનો ઉદય કરી શકે છે અને ભલભલા ચમરબંધીઓનાં કાન પણ આમળી શકે છે.

## ૩:૫ ચોથી જાગીર તરીકે જાગૃત પ્રહરી :

ગુજરાતીમાં જાગીર શબ્દ મિલ્કતના અર્થમાં વપરાય છે. અખબારોને ચોથી જાગીર શા માટે કહેવામાં આવે છે ? એક મહત્વનો પ્રશ્ન છે. બ્રિટીશ સંસદમાં એક વખત ચર્ચા દરમ્યાન એડમન્ડ બર્કે ત્યાં ઉપસ્થિત પત્રકારોને ઉદ્દેશીને જણાવેલ કે, સંસદમાં આપણી પાસે ત્રણ જાગીર છે અને ત્યાં ગેલેરીમાં ચોથી જાગીર (પત્રકારો) બેઠેલી છે. તે ત્રણેયથી વધુ મહત્વની છે. એડમન્ડનો આ શબ્દ લોકજીભે વળગ્યો, ત્યારથી અખબારો માટે "ફોર્થ એસ્ટેટ" એટલે કે "ચોથી જાગીર" શબ્દ વપરાય છે. બ્રિટીશમાંથી ઉદ્દભવેલા આ શબ્દે ભૌગોલિક સીમાડા સર કરી સમગ્ર વિશ્વમાં ખ્યાતિ મેળવી છે. ગુજરાતનાં સાંધ્ય અખબારોએ ચોથી જાગીર શબ્દને સાર્થક કર્યો છે. સાંધ્ય અખબારોના પ્રજાલક્ષી અભિયાનથી ઘણી વખત શાસકોએ પ્રજાવિરોધી નિર્ણયમાં પીછેહઠ કરવી પડી છે. દા.ત. ૨૦૧૨ નાં વર્ષમાં જન્માષ્ટમીનાં લોકમેળામાં આયોજક જિલ્લા કલેકટર તંત્રએ ફજર ફાળકાવાળાઓ પાસેથી અમુક પ્રકારનો વેરો વસૂલવાનાં બદલામાં લોકો પાસેથી ગમે તેટલી ફી પડાવવાની છૂટ આપતો નિર્ણય કરેલ, તેની સામે રાજકોટનાં સાંધ્ય અખબારોએ જબ્બર વિરોધ દ્વારા લોકલાગણીને વાચા આપતાં આખરે કલેકટર કચેરીએ તે નિર્ણય પાછો ખેંચી લીધો હતો અને મનોરંજનના તમામ સાધનો માટે વ્યાજબી ફી નિર્ધારણ કરવાની ફરજ પડી હતી.

## ૩:૬ સેવાકીય પ્રવૃત્તિની ટહેલ :

અખબારો સમાચારો અને માહિતી આપવાની સાથે સમાજસેવાનું મોટુ કામ કરી રહયાં છે. ભૂકંપ, પૂર, દુષ્કાળ જેવા પ્રસંગોએ અખબારોનો માનવધર્મ મહેકી ઉઠે છે. ૨૦૦૧ ના ભૂકંપ વખતે સાંધ્ય દૈનિકોએ કરેલી અપીલને માન આપી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકોએ સેવા કેન્દ્રો ખોલ્યાં હતાં. રાજકોટમાં રાહત રસોડામાં બનાવેલી વસ્તુઓ કચ્છનાં પીડિતો સુધી પહોંચાડવામાં સાંધ્ય અખબારોએ પ્રશંસનીય સહકાર આપ્યો હતો. સેવાપ્રવૃત્તિ કરતાં લોકોને પ્રસિધ્ધિ આપી તેમનો ઉત્સાહ વધારેલ અને અન્ય લોકોને સેવા માટે પ્રેરણા આપી હતી. કોઈને સવારનાં સમયે અકસ્માત થાય અથવા અણધારી શારીરિક તકલીફ થાય અને લોહીની જરૂરીઆત ઉભી થાય ત્યારે સાંજના અખબારોએ લોહીની જરૂરીઆત માટેનાં સમાચારો પ્રસિધ્ધ કરી જરૂરીયાતમંદ અને રકતદાતાનો સંપર્ક કરાવવામાં સેતુરૂપ ભૂમિકા ભજવ્યાના કેટલાય દાખલા છે. સાંધ્ય અખબારોનો અભિગમ પ્રબળ માનવતાવાદી હોવાથી આ સમાચારપત્રો નાના માણસોને વિશેષ ઉપયોગી બની શકે છે. ગંભીર બીમારીનો ભોગ બનેલા પરંતુ આર્થિક મુશ્કેલી અનુભવતા દર્દીઓની મદદની અપીલ પ્રસિધ્ધ કરીને ઘણાને સારવારનો ખર્ચ અપાવ્યો છે. સાંધ્ય અખબારોની પ્રિન્ટ આવૃત્તિ અથવા ઈન્ટરનેટ આવૃત્તિ દ્વારા જરૂરીઆતમંદની જરૂરીયાત જાણી દેશવિદેશનાં લોકોએ મદદ કરવાની ફરજ નિભાવી છે. પાણીકાપ જેવા પ્રસંગોએ તે અંગેની આગોતરા વાચકોને જાણ કરી સાંધ્ય અખબારો સમાજધર્મ નિભાવે છે.

રાજકોટમાં ચકચારી બનેલા ભાસ્કર અપહરણકાંડ વખતે બધા અખબારોને ઘટનાની જાણ હતી પરંતુ સમાચાર પ્રસિદ્ધ થાય તો અપહૃત ભાસ્કરને છોડાવવા માટે તેના વાલીઓએ ખંડણી ચૂકવવી પડે અને તેનો જીવ પણ જોખમાય, તેવો પોલીસનો મત હતો. તેથી પોલીસ કમિશ્નરની વિનંતી મુજબ અખબારોએ સતત દશ દિવસ સુધી આ સમાચાર પ્રસિધ્ધ નહી કરી સહકાર આપ્યો હતો. અખબારોની તત્કાલીન ભૂમિકાની સમગ્ર રાજયમાં નોંધ લેવામાં આવેલ હતી.

## ૩:૭ શોર્ટ મેસેજ સર્વિસ (એસ.એમ.એસ.) :

સવારનાં કેટલાંક અખબારો માત્ર અખબાર દ્વારા અને કેટલાક અખબારો પ્રિન્ટ આવૃત્તિ ઉપરાંત ઈન્ટરનેટ આવૃત્તિ દ્વારા પણ વાચકોની સેવા કરે છે. જયારે સાંજનાં ઘણાં અખબારો આ બન્ને પ્રકારે સમાચાર આપવા ઉપરાંત વધારામાં મોબાઈલ ફોન ઉપર એસ.એમ.એસ. દ્વારા સમાચાર આપે છે. મહત્વના સમાચારોને એસ.એમ.એસ. દ્વારા કોઈપણ સમયે વહેતા કરી વાચકોની સેવા કરી રહયાં છે. એસ.એમ.એસ. માં સમાચારની સાથે જાહેરાત પણ આપી સાંધ્ય અખબારોએ નવી પ્રથા શરૂ કરી છે. ગણતરીની મિનિટોમાં હજારો લોકો સુધી સમાચાર પહોંચાડવા માટે આ પ્રભાવક માધ્યમ છે.

## ૩:૮ ચાલતા યંત્રે, સ્ટોપ પ્રેસ સમાચાર :

કોઈ મહત્વનાં સમાચાર મશીન ચાલુ થઈ ગયા પછી મળ્યા હોય ત્યારે વાચકો સુધી પહોંચાડવા ચાલતા યંત્રે અથવા સ્ટોપ પ્રેસ લખીને સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ પ્રથા માત્ર સાંજના અખબારોમાં જ જોવા મળે છે. વાચકોને છેલ્લામાં છેલ્લા સમાચાર વહેલામાં વહેલા પહોંચાડવાનો હેતુ છે. આખું પાનું ગોઠવાઈ ગયા પછી આવેલા સમાચાર ચાલતા યંત્રે કે સ્ટોપ પ્રેસવાળા હેડિંગના કારણે તુરત જ વાચકોનું ધ્યાન ખેંચે છે. આવા સમાચાર કયારેક બિલકુલ નવા અથવા મૂળ સમાચારના ફોલોઅપ સમાચાર જેવા હોય છે. ઉદાહરણ તરીકે કેન્દ્ર સરકાર પેટ્રોલ, ડિઝલનાં ભાવમાં વધારો કરે તે સમાચાર મુખ્ય હોય, પરંતુ અમુક કલાકો પછી ભાવ વધારો પાછો ખેંચે અથવા રાહત આપે તો તે સમાચાર છેલ્લી ઘડીના સમાચાર તરીકે ચાલતા યંત્રે કે સ્ટોપ પ્રેસ હેઠળ સ્થાન પામી શકે છે.

### ૩:૯ ખાસ વધારો :

સાંધ્ય અખબારોમાં ખાસ વધારો બહાર પાડવાની પ્રથા પ્રચલિત છે. હવે ટીવી ચેનલો, એસ.એમ.એસ., ઈન્ટરનેટ સમાચાર પ્રસારણનાં ઝડપી માધ્યમો ઉપલબ્ધ થતાં ખાસ વધારાનું પ્રમાણ ખાસ્સુ ઘટયું છે, પરંતુ ભૂતકાળમાં અનેક પ્રસંગોએ સાંધ્ય અખબારોએ ખાસ વધારા બહાર પાડયા હતા. અખબાર પ્રસિદ્ધ થવાનાં સમય સિવાયનાં સમયે કોઈ અત્યંત મહત્વની ઘટના બને ત્યારે ખાસ વધારો બહાર પાડી શકાય છે. તત્કાલીન ભારતના વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા, લોકસભાની અને ધારાસભાની ચૂંટણીનાં પરિણામ, મોટા પદ પરનાં પદાધિકારીનું રાજીનામું, રાજકીય ઉથલપાથલ વગેરે પ્રસંગોએ સાંધ્ય અખબારો ખાસ વધારો બહાર પાડે છે. 'અકિલા' દર રવિવારે રજા રાખે છે.

### ૪: સમાચારની સમગ્ર રજૂઆત માટે પૃષ્ઠ સંકલન :

સાંધ્ય અખબારો કોઈપણ મોટી ઘટના કે પ્રસંગ વખતે વિસ્તૃત સમાચારો આપવા માટે જાણીતાં છે. આખા પાનામાં મુખ્ય સમાચાર ઉપરાંત તેને લગતા અન્ય સમાચારોનાં બોકસ, તસ્વીરો, આગળ–પાછળનાં સંદર્ભો વગેરે વિગતવાર જોવા મળે છે. રાજકોટમાં શ્રી મોરારિબાપુની કથા વખતે સાંધ્ય અખબારો દરરોજ આખુ પાનું ભરીને તેના સમાચારો આપતા. ક્રિકેટના વિશ્વકપ વખતે સાંધ્ય અખબારોમાં પણ આખાં પાનાં ભરીને તેના સમાચારો જોવા મળતા. અમુક ખાસ પ્રસંગોએ સાંધ્ય અખબારો વચ્ચેનાં બે પાના ભેગા કરીને ૧૬ કોલમનાં હેડિંગ દ્વારા ઐતિહાસિક માહિતી સાથે સમાચાર પ્રસિધ્ધ કરે છે, જેમાં પ્રસંગનાં મહત્વ ઉપરાંત સાંપ્રત પ્રવાહને આવરી લેવાનો પ્રયત્ન થાય છે. રાજકોટના અકિલા દૈનિકમાં આ વર્ષની જન્માષ્ટમી નિમિત્તે પૂર્વદિને બે પાના ભેગા કરી ૧૬ કોલમનું નીચે મુજબ હેડિંગ આપવામાં આવ્યુ હતું :

કોઈને પુનરાવર્તનનો અહેસાસ, કોઈને પરિવર્તનનો આભાસ,
બિચારી પ્રજાને સુદર્શનધારીના પુન:પ્રાગટયનો વિશ્વાસ.

## ૪:૧ લવાજમ ઉપરાંત રોકડેથી ખરીદતા ગ્રાહકો :

સવારનાં અખબારો મોટાભાગનાં ગ્રાહકો લવાજમ ભરી મંગાવતા હોય છે. સાંજના અખબારોમાં એનાથી અલગ પરિસ્થિતિ છે. લવાજમ ઉપરાંત દર મહિને પૈસા ભરીને અથવા રોજેરોજ છુટક ખરીદીને સાંધ્ય અખબારો વાંચનારો મોટો વર્ગ છે. સાંધ્ય અખબારો વિતરકોની દુકાનો ઉપરાંત મુખ્ય માર્ગો અને ચૅાક પર ઉભા રહેતા ફેરીયાઓ પાસેથી પણ મળી શકે છે. સવારનાં અખબારોની જેમ સાંધ્ય અખબારો કાયમી પૂર્તિ આપતા નથી, છતાં તેનો બહોળો વાચક વર્ગ બંધાયેલ રહયો છે. સાંજના અખબારો સ્થાનિક લોકજીવનને અનુરૂપ ભાષાશૈલી રાખે છે. સનસનાટી મચાવતા કે જિજ્ઞાસા જગાવતા સમાચારો મોટા પ્રમાણમાં જોવા મળે છે. ગરમાગરમ સમાચારો ઝડપથી આપવાની સ્પર્ધાને કારણે કયારેક હકીકતદોષ થઈ જાય છે. અથવા અતિશયોકિતની શકયતા પણ નકારી ન શકાય. સાંધ્ય અખબારોમાં વિવિધતાનું વિપુલ પ્રમાણ છે.

## ૪:૨ પત્રકાર પરિષદ દ્વારા પ્રાપ્ત સમાચારોને મહત્વ :

સાંધ્ય અખબારોમાં વિવિધ ક્ષેત્રોમાં સિધ્ધિ મેળવતા લોકોનાં ઈન્ટરવ્યૂ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. શિક્ષણક્ષેત્રે બોર્ડમાં શ્રેષ્ઠતમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ તેના વાલીઓ કે શિક્ષકો સાથે ફોટા અને સફળતાનાં રહસ્યો સાંધ્ય અખબારો ભરપૂર પ્રમાણમાં પ્રસિધ્ધ કરે છે. મહાનુભાવોએ પત્રકાર પરિષદમાં વ્યકત કરેલ કે ઈન્ટરવ્યૂમાં આપેલ માહિતીને સાંધ્ય અખબારોમાં પૂરતું સ્થાન મળે છે. સાંજનાં અખબારોની મુલાકાત લેનાર વર્ગ પણ મોટો છે. રાજકોટ સાંધ્ય અખબારોનું સૌથી મોટુ ધામ ગણાતુ હોવાથી મોટાભાગની પત્રકાર પરિષદનાં આયોજકો પત્રકાર પરિષદ સાંધ્ય અખબારોની સમયની અનુકૂળતા ધ્યાનમાં લઈને બપોર સુધીના સમયગાળામાં જ ગોઠવે છે. મોટાભાગનાં સાંધ્ય અખબારોમાં સામાન્ય માણસથી માંડી ટોચના મહાનુભાવોની અવરજવર જોવા મળે છે. વિદ્યાર્થીઓ અભ્યાસના ભાગરૂપે અને કંઈક નવું જોવા જાણવાની તમન્નાના કારણે ઘણી વખત સામૂહિક રીતે સાંધ્ય અખબારોની પૂર્વ આયોજન મુજબની મુલાકાત લેતા હોય છે. સાંધ્ય અખબારોની મુલાકાત દ્વારા કલાકારો, કથાકારો, કાર્યકરો, અધિકારીઓ, પદાધિકારીઓ વગેરે પ્રસિધ્ધિ મેળવવાની સાથે પોતાની

વાત લોકો સુધી સરળતાથી પહોંચાડી શકે છે. સાંધ્ય અખબારો સાથે વધુ લોકોનો ઘરોબો કેળવવાથી વધુ સમાચારો અને વધુ જાહેરાતો મળી શકે છે. અખબારી ક્ષેત્રે એકસકલુઝિવ ગણાતા સમાચારોમાં સાંધ્ય અખબારો પોતાનાં પોતીકા માહિતી સ્ત્રોતના કારણે અવારનવાર મેદાન મારી જતા નજરે પડે છે.

## ૪:૩ સાંધ્ય દૈનિકોનો સમાજલક્ષી અભિગમ :

ગુજરાતમાં પત્રકારત્વ ક્ષેત્રે વરસો સુધી સવારનાં અખબારોનું એકધારું વર્ચસ્વ રહયા પછી છેલ્લા ત્રણેક દાયકાથી કેટલાક શહેરોમાં સાંધ્ય અખબારોએ તેમાં ભાગ પડાવ્યો છે. અમુક શહેરોમાં સાંધ્ય અખબારો બહુ ચાલતાં નથી પરંતુ પોતાનું સ્થાન નિશ્ચિત તો કરી લીધું જ છે. અમરેલી, જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર જેવાં શહેરોમાં સાંધ્ય અખબારોએ પગપેસારો કર્યો છે તો રાજકોટથી પ્રસિધ્ધ થતાં સાંધ્ય અખબારો છવાઈ ગયાં છે. આ અખબારોએ સૌરાષ્ટ્રનાં વાચક વર્ગમાં નવો પ્રવાહ સર્જયો છે. માત્ર સવારે જ અખબારો વાંચવા ટેવાએલા વાચકવર્ગને સાંજે પણ અખબારો વાંચવાની ટેવ પાડીને સાંધ્ય અખબારોએ પોતાનું અડીખમ સ્થાન ઉભું કરી દીધું છે. સાંધ્ય અખબારો લોકજીવનમાં દૂધમાં મીઠાશ ઉમેરતી સાકરની જેમ ભળી ગયાં છે. સમાચારોની ઝડપ, લોકભોગ્ય શૈલી, સ્થાનિક સમાચારોને મહત્વ, છેવાડાનાં વિસ્તારો સુધીના પ્રસંગો – ઘટનાઓની નોંધ, સમાજલક્ષી અભિગમ વગેરેને કારણે સાંધ્ય અખબારો પરિવર્તનનાં પ્રહરી બન્યાં છે.

## નિષ્કર્ષ :

પ્રાતઃકાલીન અખબારોમાં રાત્રિના બારેક વાગ્યા સુધીના સમાચારોને સ્થાન મળતું હોય છે. ચેનલો ચોવીસ કલાક સમાચારો આપવાની સ્પર્ધાઓ કરતી હોય છે. પ્રાદેશિક ચેનલોનું પણ સમાચાર પ્રાપ્તિનું નેટવર્ક છે, પણ સાંધ્યદૈનિકો જે તે વિસ્તારના બપોર સુધીના સમાચારો વિગતે મેળવી છેલ્લામાં છેલ્લા સમાચારોની પરબ માંડવાનું કર્તવ્ય નિભાવે છે, જેમાં ગામડું અને શહેર બન્નેનો પ્રતિઘોષ સંભળાય છે.